ગાંધીનગર સમાચાર
તા. ૯-૯-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

'ગણપતિ બાપ્પા મોરિયા... મિચ્છામી દુક્કડં'

ચોમાસું તહેવારોની મોસમ છે. આષાઢી બીજ પોતે જ એક પર્વ છે. એ પછી ગુરુપૂર્ણિમા, બળેવ અને જન્માષ્ટમી જેવાં પર્વોનો પ્રવાહ ચાલુ થાય તે છેક દીપોત્સવી લગી ચાલ્યા કરે. ગણેશ ચતુર્થીનો ઉત્સવ આપણે ત્યાં સવિશેષ મહારાષ્ટ્રની અસરમાં ઉજવાતો થયો હતો. હવે એ આપણો પોતીકો બની ગયો છે. લોકમાન્ય ટિળકે ગણેશ ચતુર્થી અને અનંત ચતુર્દશી વચ્ચેના દસ દિવસના ઉત્સવને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય બક્ષી એક સેતુકાર્ય કર્યું છે. આઝાદીના જંગ દરમિયાન ધાર્મિક ઉત્સવના બહાને જનસમુદાય ભેગો કરી એને સાંકેતિક સંદેશ પાઠવવાની લોકમાન્ય ટિળકની રાજનીતિ સમજતાં અંગ્રેજોને પણ ખાસ્સી વાર લાગી હતી. ગણેશ સનાતન હિંદુ સમાજના મંગલમૂર્તિ દેવતા તરીકે સૌથી પહેલાં પૂજાતા રહ્યાં છે. શિવજીએ જ એમને આ વિશિષ્ટ દરજ્જો આપ્યો છે. પંચાયતન પૂજામાં પણ પહેલા તો ગણપતિ જ પૂજાય છે. ગણપતિ પ્રતીકાત્મક અર્થસંદર્ભ ધરાવતા સાક્ષાત્ ઉંકાર સ્વરૂપ પરબ્રહ્મ છે. એ ગણનાયક ગણાધિપતિ છે, નેતા છે. નેતાને સૃષ્ટિની સારીનરસી ઘટનાઓની ગંધ પારખવા લાંબું નાક જોઈએ. માન-અપમાન અને ગોપનીય રહસ્યો સંઘરવા મોટું પેટ જોઈએ. બધાની વાત સાંભળવા માટે કાન મોટા જોઈએ. વળી દેખાડવાના અને ચાવવાના જુદા ન હોય તો લોક આપણને ચાવી જાય! રાષ્ટ્રનેતા હવામાં ઊડે તે ન ચાલે. એણે ડાઉન ટુ અર્થ રહી સાદામાં સાદું વાહન વાપરવાની તૈયારી રાખવી જોઈએ. આ સૂંઢાળા અને દૂંદાળા દેવ હાથીનું માથું ધરાવતા હોવા છતાં મૂષકની સવારી કરે છે. લાડુના શોખીન ખરા, પરંતુ મિષ્ટ મોદક જમી તૃપ્ત રહેતા હોય તો જ બીજાઓના વિઘ્નહર્તા બની શકે ને! વળી એ જબરા લહિયા છે. ભગવાન વેદ વ્યાસને 'મહાભારત' જેવું મહાકાવ્ય લખવું હતું ત્યારે સ્ટેનો તરીકે જ સાંભર્યા. ગણેશની શરત પણ કેવી આકરી હતી: એકવાર હું પોથી અને લેખણ લઈને હાજર થઈ જાઉં તે પછી તમારે નોનસ્ટોપ ડિકટેશન આપવું પડશે! મારી કલમ અધવચ્ચે અટકવી ન જોઈએ. વ્યાસ શ્લોકો ઉચ્ચારતા ગયા અને ગણેશ લખતા ગયા. સીધી જ પ્રેસકોપી નહીં કોઈ છેકછાક કે નહીં પુનર્લેખન. વિશ્વના અપ્રતિમ ગ્રંથની ગરિમા એના સર્જક(ઓથર) અને લેખક (રાઈટર)ની જુગલબંદીને આભારી છે. ગણપતિ કેવી વિચક્ષણ બુદ્ધિ પ્રતિભા ધરાવે છે એની પ્રતીતિ તો એમણે પૃથ્વીની પ્રદક્ષિણાનું પુણ્ય માતાપિતાની પરિક્રમા કરીને મેળવી લીધેલું. તે ઘટના પરથી જ થઈ જાય છે. કાર્તિકેય એમના મયૂરની પાંખો પર સવાર થઈને નીકળી પડ્યા અને અહીં ગણેશે તો ચૂપચાપ માતા-પિતાની આસપાસ પ્રદક્ષિણા કરી લઈ શિવ-પાર્વતીને પ્રસન્ન કરી દીધાં. ગણેશોત્સવ પ્રસંગે ગામેગામ ભવ્ય આયોજનો થવા લાગ્યાં. છે. ગણપતિ બાપિપાને એમના ભક્તો અવનવા વાઘા પહેરાવે છે. ક્યારેક એમના હાથમાં બંદૂક પકડાવી દે છે તો ક્યારેક ક્રિકેટનું બેટ. બાપ્પાને કશાનો છોછ નથી. એમને ધોતલીને ઠેકાણે જિન્સ પહેરાવી દેશો તો પણ માઠું લાગવાનું નથી. એમનું પેટ એટલું મોટું છે કે લોકાપવાદની તો એ ક્યારેય પરવા કરે જ નહીં. એમને જેમ રાખો તેમ રહીને પણ એ તમારું શુભ જ કરશે. બીજા દેવતાઓની જેમ એ ઉગ્ર થઈને શાપ નહીં આપી દે. પોતાની મશ્કરી કરતા ચંદ્રને શાપ આપીને તરત જ એનું નિવારણ પણ સૂચવ્યું હતું. ગણપતિની વિવિધ આકાર અને કદની મૂર્તિઓ બનાવી કંઈ કેટલાયે કારીગરો દેશભરમાં એમના કુટુંબનું પેટિયું રળી રહ્યા છે. ગણેશ લાભ-શુભ અને રિદ્ધિ-સિદ્ધિના દાતા ગણાયેલ હોઈ ભક્તો મન મૂકીને નાણાં ખર્ચે છે. સવિશેષ મહારાષ્ટ્રમાં અને મુંબઈ શહેરમાં 'લાલ બાગચા રાજા'નો દબદબો જોવા જેવો હોય છે. દેશભરમાં ગણેશને ગણનાયક-લોકનાયક તરીકે પ્રસ્થાપિત કરનાર અને રાષ્ટ્રીય પર્વ બની રહેલા આ પર્વની સંકલ્પના કરનાર લોકમાન્ય ટિળકને કલ્પના પણ નહીં હોય કે એક દિવસ આ ગણપતિ મહોત્સવ આખા દેશમાં અને વિદેશોમાં નવરાત્રી ઉત્સવ જેવી જ ધૂમ મચાવશે. પર્યાવરણવિદોએ ગણેશની પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓને બદલે માટીની મૂર્તિઓ બનાવવાનો આગ્રહ સેવ્યો છે, જેને આ ગણેશોત્સવ દરમિયાન કેવો આવકાર મળશે તે જોવું રસપ્રદ બની રહેશે.

સુયોગ એવો છે કે ગણેશ ચતુર્થીના દિવસે જ જૈનોનો સૌથી પવિત્ર તહેવાર 'સંવત્સરી' પણ આવતો હોય છે. ક્ષમા આપવાના અને માગવાના આ મહાન પર્વ નિમિત્તે સૌને મિચ્છામી દુક્કડમ્.

ગાંધીનગરની વિવિધ શાળાઓમાં ઉલ્લાસભેર શિક્ષક દિન ઉજવાયો

● ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ ખાતે શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ ખાતે તા. ૫મી સપ્ટેમ્બરના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શાળાના બાળકોએ જોડાઈને શિક્ષકદિનની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલના ધોરણ-૭ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા હતા અને વિદ્યાર્થીઓને દિવસ દરમિયાન શિક્ષણ આપ્યું હતું અને પોતાના અનુભવેલા અનુભવો પોતાની આગવી શૈલીમાં રજુ કર્યા હતા. શાળાનું સંચાલન વિદ્યાર્થીઓએ કર્યું હતું. બધા જ વિદ્યાર્થીઓએ આનંદ ઉલ્લાસપૂર્વક શિક્ષક દિન મનાવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરીવારે ભારે જહેમત ઉઠાવી હતી.

● ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ખાતે શિક્ષક દિની ઉજવણી કરાઈ

ઈન્ફોસીટી જુનીયર સાયન્સ કોલેજના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા શાળા ખાતે અનોખી રીતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે ભાવનાસભર દૃશ્યો પણ સર્જાયા હતા. પ્રસંગને અનુરૂપ શાળા ખાતે પ્રાર્થના સભા તેમજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીના જન્મદિન નિમિત્તે એમને શ્રદ્ધાંજલિ પણ અર્પવામાં આવી હતી.

ઈન્ફોસીટી જુનીયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ એવા કુ. સિમરન શિન્દે, કુ. ધ્રુવી પટેલ, બાલાણી યશ અને અભિષેક પંડ્યાએ શિક્ષકદિનના પ્રસંગે શિક્ષકો પ્રત્યે લાગણી દર્શાવતા વક્તવ્યો આપ્યા હતા. તેમજ ગુરૂવંદનાના આ અનોખા કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ 'ગુરૂ' ચરણ સ્પર્શ કરી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી હતી. આ પ્રસંગને અનુરૂપ આચાર્ય ડૉ. ગાગલાણી, ડાયરેક્ટર શૈલેષભાઈ પંડ્યા, જે.એન. પાઠક, શિક્ષક બી.આર. રાજપુત દ્વારા પ્રસંગોપાત પ્રવચન કરી વિદ્યાર્થીઓને આશિષ વચન અર્પણ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમની ભારે જહેમત તુષારકુમારે ઉઠાવી હતી.

● જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે શિક્ષક દિન ઉજવાયો

શહેરના સે-૭ ખાતે અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં શાળાના કુલ ૬૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને શિક્ષકની ભૂમિકા ભજવી દિવસભર શૈક્ષણિક કાર્ય કર્યું હતું અને દિવસ દરમિયાનના અનુભવો પોતાની શૈલીમાં રજુ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત શાળાના ટ્રસ્ટી શંકરભાઈ ચૌધરીએ જીવન ઘડતરમાં શિક્ષકનું મહત્વ વિશે વિદ્યાર્થીઓને પરિચિત કર્યા હતા જયારે શાળાના આચાર્ય મીનાબેન ચૌધરીએ જીવનમાં શિક્ષકનું મહત્વ અને શિક્ષકની કલમમાં રહેલી તાકાત પર સુંદર વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સુંદર આયોજન ચંદ્રિકાબેન ચૌધરી, ઈજુબેન ચૌધરી, ચંદાબેન ત્રિવેદી, દક્ષાબેન ચૌધરી, શીતલબેન ચૌધરીએ કર્યું હતું.

● શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.વી. કન્યા ઉ. માધ્યમિક શાળા ખાતે શિક્ષકદિન ઉજવાયો

શહેરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગરના સંચાલિત શ્રીમતિ આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા સેક્ટર-૨૩ ખાતે સ્વયં શિક્ષણ દિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

શિક્ષકદિન નિમિત્તે શાળાના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકની કુલ ૮૦ વિદ્યાર્થિનીઓએ શિક્ષક બનીને ૧ થી ૮ તાસનું શિક્ષણકાર્ય કરાવ્યું હતું. તેમજ શાળાની વિદ્યાર્થિની જાની નેહા અને શ્રેયા ખાચરે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જીવનકવન પર સુંદર વકતવ્ય આપ્યા હતા. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ ફાળવેલ તાસમાં નિદર્શન પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ, નાટ્યપદ્ધતિ દ્વારા શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું. શ્રેષ્ઠ શિક્ષકનું ઈનામ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા.

શેઠ ખીમજી વિસરામ હોલમાં કેમ્પસની શાળા-કોલેજોનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલના વરદહસ્તે શ્રેષ્ઠ આચાર્યો અને શિક્ષકોને ઈનામો અને પુસ્તક અર્પણ કરી તેમની કામગીરીને બીરદાવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

● પ્રેરણા વિદ્યાલય ખાતે શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલય ખાતે સ્વયં શિક્ષક દિનની ઉજવણી શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ આનંદ ઉલ્લાસથી કરવામાં આવી હતી. જેમાં શાળા પરિવારના પ્રાથમિક વિભાગમાંથી ૪૦ વિદ્યાર્થીઓ માધ્યમિક વિભાગમાંથી પર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શિક્ષક દિન નિમિત્તે શાળા ખાતે વિદ્યાર્થીઓ દ્વારા આચાર્યા, શિક્ષક, કલાર્ક અને પટાવાળાની ભૂમિકા અદા કરવામાં આવી હતી જેમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય ખુબ જ ઉત્સાહપૂર્વક કર્યું હતું. જેમાં શૈક્ષણિક કાર્ય સફળતાથી કરનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા નંબર પણ આપવામાં આવ્યા હતા. જેમાં ગોંડલિયા આરતી, નાણાવટી ઈર્ષિત, સૈયદ અબરાર, નિનામા સુરેખા, કિશોરી કેના, મુનિયા કિંજલ, રાવલ ઈષ્ટ, દેસાઈ ભાવિક, આનંદ ચૈતન્ય તથા કલાર્ક તરીકે રૂપરાજ દેવાંનીએ ભૂમિકા ભજવી હતી. જેમાં પ્રાથમિક વિભાગમાં કુરેશી મારિયા, વાઘેલા વંદના, સોની સ્વયમ, પરમાર માર્ગી, જાદવ બંસરી, દુધરેજીયા ક્રિશ તથા કલાર્કમાં શુકલ તનિશા, સોલંકી મયુરી, વાઘેલા તૃપ્તિને નંબર આપી ઈનામ પણ શાળા પરિવારના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ, શાળાના આચાર્ય સ્વાતિબા રાઓલે આપ્યા હતાં.

● માળી રામી સમાજ દ્વારા શિક્ષક દિન નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

માળી રામી સમાજ ગાંધીનગર દ્વારા શિક્ષક દિન નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન સે-૧૭ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સેકટર-૧૭ ખાતે યોજાયેલ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રાધાકૃષ્ણનના વિચારોને મૂર્તિમંત કરવા સંકલ્પ કર્યો હતો તેમજ વિદ્યાર્થીઓએ અત્યારના સમયમાં પ્લાસ્ટર ઓફ પેરિસની જગ્યાએ ઈકોફ્રેન્ડલી ગણેશમૂર્તિ બનાવવાની બાબત પર વિશેષ ભાર મૂકયો હતો જયારે અન્ય પરિશ્રમ, નૈતિક મૂલ્યો, હકારાત્મક વિચાર સરણી, ધાર્મિક બાબત સહિત ભ્રૂણહત્યા પર પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા નાનજીભાઈ માળી અને હર્ષદભાઈ ડાભીએ ભારે જહેમત ઉઠાવી હતી જયારે કાર્યક્રમનું આયોજન સ્પર્ધાત્મક પરિક્ષાના માર્ગદર્શક જીતેન્દ્રભાઈ ટાંકે કર્યું હતું.

શેઠ. એમ કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે ઈકો કલબ દ્વારા નિબંધલેખન સ્પર્ધા યોજાઈ

સાબરકાંઠા જિલ્લા ઈકો કલબ,ગીર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આયોજિત - વન્ય પ્રાણી સપ્તાહ વર્ષ ૨૦૧૩-૧૪ અંતર્ગત પ્રાંતિજ તાલુકા કક્ષાની ઈકો કલબ દ્વારા નિબંધ લેખન સ્પર્ધા શેઠ એમ. કે. ઓરાલ ગ્રુપ હાઈસ્કૂલમાં ૭મી સપ્ટેમ્બર શનિવારના રોજ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં જૈન વૈવિધ્ય સંરક્ષણ માટે જપ સંરક્ષણનું મહત્ત્વ વિશેનો નિબંધ લેખન વિષય પર પ્રાંતિજ તાલુકાની દશ ઈકો કલબ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર સ્પર્ધકો એ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું સફળ સંચાલન તાલુકા કન્વીનર શ્રી રાજુભાઈ ડી. પટેલે કર્યું હતું. આ સ્પર્ધઆમાં દરેક શાળાના ઈકો ટીચર્સએ રસપૂર્વક ભાગ લીધો હતો.શાળાના આચાર્યશ્રી ડૉ. કે એન રાઠોડ હતા. શાળાના આચાર્યશ્રી ડૉ. એ. એન. રાઠોડ તથા શાળા પરિવારે સુંદર સહયોગ આપ્યો હતો.

(તસ્વીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ડભોડા એમ. એચ. વિદ્યામંદિર ખાતે શિક્ષક દિનની અનોખી ઉજવણીમાં 'જો હું શિક્ષક હોઉં તો... વકતૃત્વ સ્પર્ધા યોજાઈ'

ગાંધીનગર તાલુકાના ડભોડા એમ.એમ. વિદ્યામંદિર ખાતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૨૫મી જન્મજયંતિ પ્રસંગે શિક્ષક દિનની ભવ્ય રીતેઉજવણી કરવામાંઆવી હતી. સદર શાળામાં કુલ ૮૩૮ વિદ્યાર્થીઓ પૈકી ધો.૯ થી ૧૨ ના કુલ ૬૬ વિદ્યાર્થીઓએ સ્વયં શિત્રક દિનમાં આચાર્ય, શિક્ષકો અનેસેવક તરીકેની ભૂમિકા બજાવી હતી. શિક્ષક દિન કાર્યક્રમમાં ૪૪ ભાઈઓ અને ૨૨ બહેનોને શાળાનું શૈક્ષણિક કાર્ય કાર્ય સંભાળ્યું હતું. શાળાના આચાર્ય તરીકે ધો.૧૨ની કોમર્સ પ્રવાહની વિદ્યાર્થીની ઝીલ. બી. દેસાઈ અને સુપરવાઈઝર તરીકે મિતુલ સોલંકીએ ફરજ બજાવી હતી. શાળાના શિક્ષકોએ શૈક્ષણિક કાર્યનું મોનીટરીંગ કર્યું હતું. કાર્યક્રમમાં શિક્ષણ દિન અંતર્ગત વકતૃત્વ સ્પર્ધઆમાં 'જો હું શિક્ષક હોઉં તો...' વિષય પર વિદ્યાર્થીઓએ આગવી છટામાં સુંદર વકતવ્યો રજૂકરી મંત્રમુગ્ધ બનાવી દીધા. મહાનુભાવો દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. શ્રેષ્ઠ શિક્ષક તરીકે સંજય રાજપૂત, સોનાલી કવિ તમન્ના મઘલાણી, કૃણાલ પંચાલ, કવન ગજજર, નિધિ પ્રજાપતિ વગેરે સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓ અભિનંદનને પાત્ર બન્યા હતા. શાળાનાં આચાર્યશ્રી ઘનશ્યામભાઈ મોદી, પ્રવિણભાઈ શર્મા, સંગીતાબેન, કામિનીબેન વગેરે નિર્ણાયક તરીકે કામગીરી બજાવી હતી. વ્યાયામ શિક્ષકની ભૂમિકા શીખ શૈરસિંહે નિભાવી હતી.

(તસ્વીર : નટુભાઈ પટેલ ચિલોડા)

અષ્ટ વિનાયક વિઘ્ન વિનાશક શ્રી ગણેશ

ભગવાન શ્રીગણેશ સર્વને માટે સર્વપ્રથ પૂજ્ય તથા સ્મરણીય છે. કોઇપણ મંગલકાર્ય તેમની પ્રથમ પૂજા વિના સંપન્ન થતું નથી. વિઘ્ન વિનાશક હોવાને કારણે તેમની પ્રથમ પૂજા અનિવાર્ય છે. શીઘ્ર પ્રસન્ન થતા હોવાથી તેમના પૂજા - વિધાનમાં કોઇ અધિક નિયમોની જરૂરત નથી. દુર્વા અને મોદક દ્વારા પૂજા વિધિ કરીને ભક્તો તેમને પ્રસન્ન કરે છે.

હાથીના જેવા મુખવાળા અને લંબોદર હોવાથી બાળકોને પણ અધિક પ્રિય છે. માતા-પિતાની પરિક્રમાથી જ તેમણે સંપૂર્ણ પૃથ્વીની સાત વખત પરિક્રમા કરી નાંખી તેથી તેઓ સર્વના પૂજ્ય બની ગયા તેમના આ વિશિષ્ટ બુદ્ધિમાન પણાની સુંદર કથા પુરાણોમાં છે.

અષ્ટ વિનાયક ગણપતિનું પહેલું નામ વક્રતુંડ, બીજું એકદંત, ત્રીજુ કૃષ્ણપિંગાક્ષ, ચોથું ગજવક્ત્ર, પાંચમું લંબોદર, છઠ્ઠુ વિકટ, સાતમું વિઘ્નરાજેન્દ્ર, આઠમું ધુમ્રવર્ણ, નવમું ભાલચંદ્ર, દસમું વિનાયક, અગિયારમું ગણપતિ અને બારમું નામ ગજાનન છે. જે મનુષ્ય સવારે બપોરે અને સાંજે ત્રણેય સંધ્યોના સમયે પ્રતિદિન આ બાર નામોનો પાઠ કરે છે. તેને વિઘ્નનો ભય રહેતો નથી. આ નામ સ્મરણ સર્વસિદ્ધિનું ઉત્તમ સાધક છે. આ નામના જપથી વિદ્યાર્થી વિદ્યા, ધનાર્થી ધન, પુત્રાર્થી પુત્ર અને મોક્ષાર્થી મોક્ષ પામે છે.

પ્રસ્તુત લેખમાં તેમની આઠ કથાઓનું ચિત્રણ છે. લોકમંગલ કામનાથી ગીતા પ્રેસ ગોરખપુરના સૌજન્યથી આ લેખ વાંચકોની સેવામાં પ્રસ્તુત કર્યા છે. આશા છે કે વાંચકોને ગમશે અને તેના વાંચન થકી શ્રદ્ધાળુઓ લાભ હાંસલ કરશે.

વક્રતુણ્ડાવતારશ્ચ દેહાનાં બ્રહ્મધારકઃ ।
મત્સરાસુરહન્તા સ સિંહવાહનગઃ સ્મૃતઃ ॥

ભગવાન શ્રીગણેશનો 'વક્રતુણ્ડાવતાર' બ્રહ્મરૂપે સંપૂર્ણ શરીરને ધારણ કરનારો, મત્સરાસુરનો વધ કરનારો તથા સિંહવાહન પર સવાર થનારો છે.

મુદ્ગલપુરાણ મુજબ ભગવાન ગણેશના અનેકો અવતાર છે, જેમાં આઠ અવતાર પ્રમુખ છે. પહેલો અવતાર ભગવાન વક્રતુણ્ડનો છે. એવી કથા છે કે દેવરાજ ઇન્દ્રના પ્રમાદથી મત્સરાસુરનો જન્મ થયો. તેણે દૈત્યગુરુ શુક્રાચાર્ય પાસેથી ભગવાન શિવના પંચાક્ષરી મંત્ર (ૐ નમઃ શિવાય)ની દીક્ષા પ્રાપ્ત કરી, ભગવાન શંકરનું કઠોર તપ કર્યું. ભગવાન શંકરે પ્રસન્ન થઇ તેને અભય થવાનું વરદાન આપ્યું.

વરદાન પ્રાપ્ત કરીને જયારે મત્સરાસુર ઘેર પાછો ફર્યો ત્યારે શુક્રાચાર્યે તેને દૈત્યોનો રાજા બનાવી દીધો. દૈત્યમંત્રીઓએ શક્તિશાળી મત્સરને વિશ્વવિજયની સલાહ આપી. શક્તિ અને પદના મદથી ચૂર મત્સરાસુરે પોતાની વિશાળ સેના સાથે પૃથ્વીના રાજાઓ પર આક્રમણ કરી દીધું. કોઇ પણ રાજા મહાન અસુરની સામે ટકી શક્યો નહીં. કેટલાક પરાજિત થઇ ગયા અને કેટલાક પ્રાણ બચાવીને કંદરાઓમાં છુપાઈ ગયા. આ પ્રમાણે સંપૂર્ણ પૃથ્વી પર મત્સરાસુરનું શાસન થઇ ગયું.

પૃથ્વીને પોતાના આધીન કરી તે મહાપરાક્રમી દૈત્યે અનુક્રમે પાતાળ અને સ્વર્ગલોક પર ચઢાઈ કરી દીધી. શેષે વિનયપૂર્વક તેના આધીન રહીને તેને કર આપવાનો સ્વીકાર કરી લીધો. વરુણ, કુબેર, યમ આદિ સમસ્ત દેવો તેનાથી પરાજિત થઇને ભાગી ગયા. ઇન્દ્ર પણ તેની સામે ન ટકી શક્યા. મત્સરાસુર સ્વર્ગનોય સમ્રાટ થઇ બેઠો.

અસુરોથી ત્રાસેલા દેવો બ્રહ્મા અને ભગવાન વિષ્ણુને સાથે લઇ કૈલાસે પહોંચ્યા. તેમણે ભગવાન શંકરને દૈત્યોના અત્યાચારના સંપૂર્ણ સમાચાર સંભળાવ્યા. ભગવાન શંકરે મત્સરાસુરના આ દુષ્કર્મની ઘોર નિંદા કરી. આ સમાચાર સાંભળી મત્સરાસુરે કૈલાસ પર પણ આક્રમણ કરી દીધું. ભગવાન શિવ સાથે તેનું ઘોર યુદ્ધ થયું. પરંતુ ત્રિપુરારિ ભગવાન શિવ પણ તેની સમક્ષ ટકી ન શક્યા. મત્સરાસુરે તેમને પણ કઠોર પાશમાં બાંધી લીધા અને કૈલાશનો સ્વામી બનીને ત્યાં જ રહેવા લાગ્યો. ચારેકોર દૈત્યોનો અત્યાચાર થવા માંડ્યો.

દુઃખી દેવતાઓની સામે મત્સરાસુરના વિનાશનો કોઇ માર્ગ બચ્યો નહીં. તેઓ અત્યંત ચિંતિત અને દુર્બળ બની રહ્યા હતા. તે જ સમયે ત્યાં ભગવાન દત્તાત્રેય આવી પહોંચ્યા. તેમણે દેવોને વક્રતુણ્ડના એકાક્ષરી મંત્ર (ગં)નો ઉપદેશ આપ્યો. સમસ્ત દેવો ભગવાન વક્રતુણ્ડના ધ્યાનની સાથે એકાક્ષરી મંત્રનો જપ કરવા લાગ્યા. તેમની આરાધનાથી સંતુષ્ટ બની તત્કાળ ફળદાતા વક્રતુણ્ડ પ્રગટ થયા. તેમણે દેવતાઓને કહ્યું, 'આપ સૌ નિશ્ચિંત થઇ જાઓ. હું મત્સરાસુરના ગર્વના ચૂરેચૂરા કરી દઇશ.'

ભગવાન વક્રતુણ્ડે પોતાના અસંખ્ય ગણો સાથે મત્સરાસુરના નગરને ચારેકોરથી ઘેરી લીધું. ભયંકર યુદ્ધ છેડાઈ ગયું. પાંચ દિવસ સુધી સતત યુદ્ધ ચાલતું રહ્યું. મત્સરાસુરના સુંદરપ્રિય અને વિષયપ્રિય નામે બે પુત્રો હતા. વક્રતુણ્ડના બે ગણોએ તેમને સારી નાખ્યા. પુત્રવધુથી વ્યાકુળ મત્સરાસુર રણભૂમિમાં દોડી આવ્યો ત્યાં તેણે ભગવાન વક્રતુણ્ડને તમામે તમામ અપશબ્દો કહ્યા. ભગવાન વક્રતુણ્ડે પ્રભાવશાળી સ્વરમાં કહ્યું, 'જો તને પ્રાણ પ્રિય હોય તો શસ્ત્રો ત્યાગીને મારા શરણે આવી જા, નહિતર તું નક્કી માર્યો જઇશ.'

વક્રતુણ્ડના ભયાનક રૂપને જોઇને મત્સરાસુર અત્યંત વ્યાકુળ થઇ ગયો. તેની બધીય શક્તિ ક્ષીણ થઇ ગઇ. ભયના લીધે તે ધ્રુજવા લાગ્યો તથા વિનયપૂર્વક વક્રતુણ્ડની સ્તુતિ કરવા લાગ્યો. તેની પ્રાર્થનાથી સંતુષ્ટ બનીને દયામય વક્રતુણ્ડે તેને અભય પ્રદાન કરીને પોતાની ભક્તિનું વરદાન આપ્યું તથા શાંત જીવન વ્યતીત કરવા પાતાળમાં જવા આદેશ આપ્યો. મત્સરાસુરથી નિશ્ચિંત થઇને દેવો વક્રતુણ્ડની સ્તુતિ કરવા લાગ્યા. દેવતાઓને સ્વતંત્ર કરી પ્રભુ વક્રતુણ્ડે તેમને પણ પોતાની ભક્તિ પ્રદાન કરી.

- માયા ભાનુપ્રસાદ દવે